# BUSINESS મિત્ર

### બ્રોડર માર્કેટમાં સુધારો થતાં રોકાણકારોની સંપત્તિ રૂ. 1.42 લાખ કરોડ વધી

# ઓલટાઇમ હાઇ બનાવ્યા બાદ વેચવાલી નીકળતા સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં

**ઇન્ટ્રાડેમાં** સેન્સેક્સે 77079.04 પોઇન્ટ અને નિફ્ટીએ 23411.90ની નવી ઐતિહાસિક સપાટી રચી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 10:** એનડીએ સરકાર બનવાના અહેવાલ બાદ શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી ઉછળતા જોવા મળ્યા હતા, પરંતુ એનડીએ સરકારમાં નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી તરીકે શપથ લીધી, તેની સાથે કેબિનેટના પ્રધાનોના શપથગ્રહણ થયા હતા, જોકે, એનડીએ સરકારના વિભાગોની વહેંચણી ઉપર રોકાણકારોની નજર મંડરાયેલી હોવાથી આજે શરૂઆતી તેજીમાં બજારે ઓલટાઇમ હાઈ બનાવ્યા બાદ ઉપલા સ્તરેથી નફાવસુલી જોવા મળી હતી અને આ તેજી ચોથા દિવસે ટકી શકી નહતી અને તેના લીધે સેન્સેક્સ-નિફ્ટી ઘટ્યા હતા. બીજી તરફ, બ્રોડર માર્કેટમાં તેજી ચાલુ રહેવા પામી હતી. આજે કટેલા પસંદગીના શેરોમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. જેથી રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.42 લાખ કરોડનો વધારો થયો હતો અને બ્રોડર માર્કેટ રૂ. 424.91 લાખ કરોડ પર પહોંચી ગયો હતો. આજે દિવસ દરમ્યાન 316 શેરોએ બાવન વીક હાઈની સપાટી બનાવી હતી. જ્યારે 31 શેરોએ બાવન વીકની નીચસી સપાટીને ટચ કરી હતી.

### રૂપિયો ફરી એકવાર 83.50ની ઉપર

**અમદાવાદ, તા. 10:** કરન્સી બજારમાં રૂપિયામાં વધુને વધુ નરમાઇ જોવા મળી હતી. અમેરિકાના જોબ્સ ડેટા બાદ ડોલરમાં મજબૂતાઇ વધી હતી. અને રૂપિયો ફરી એકવાર 83.50ની ઉપર પહોંચી ગયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 12 પૈસા ઘટીને 83.51ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 83.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 89.80, પાઉન્ડ 106.19, કેનેડિયન ડોલર 60.66, ઓસ્ટ્રેલિયન ડોલર 55.04, જાપાનીઝ યેન 0.5323 અને સીંગાપોર ડોલર 61.72ના સ્તરે બંધ રહ્યા હતા.

**સેન્સેક્સ 204 પોઇન્ટ અને નિફ્ટી 31 પોઇન્ટ નરમ**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 203.85 પોઇન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 76490.08 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સે પ્રથમ વખત 77000 પોઇન્ટની સપાટી કુદાવીને 77079.04 પોઇન્ટની નવી ઉંચાઇ હાંસલ કરી હતી. જ્યારે નીચામાં 76380 પોઇન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટી 30.95 પોઇન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 23259.20 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 23400ની સપાટી કુદાવીને 23412 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામ્ 23227 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 22.30 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 49780.90 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે બેન્ક નિફ્ટી સપાટ રહી હતી. બીએસઇ ખાતે એમફાસીસમાં 30.28 ગણા, કેપ્લીન પોઇન્ટ લેબમાં 7.14 ગણા, શીલા ફોમમાં 4.69 ગણા, મોતીલાલ ઓશવાલ ફાઇ.માં 4.12 ગણા અને કેઇસી ઇન્ટરનેશનલમાં 4.04 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એમફાસીસ 59.27 ગણા, કેમપ્લાસ્ટ સન્મારમાં 2.955 ગણા, ફર્ટીલાઇઝર એન્ડ કેમિકલ્સમાં 20.73 ગણા, કેપ્લીન પોઇન્ટ લેબમાં 11.28 ગણા અને મોતીલાલ ઓશવાલ ફાઇ.માં 9.8 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. આજે બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.56 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.04 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2625 શેરો વધ્યા હતા, જ્યારે 1364 શેરો ઘટયા હતા અને 140 શેરો યથાવત રહ્યા હતા.

આઇટી શેરોમાં આજે વેચવાલી રહી હતી. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.85 ટકા ઘટયો હતો. જે છેલ્લા ટ્રેડિગં સેસનમાં 4.33 ટકા વધ્યો હતો. જેમાં કોફોર્જ, એમફાસીસ, ટેક મહિન્દ્રા, પરસીસ્ટન્ટ સીસ્ટમ, ઇન્ફોસીસ, વિપ્રો, એલટીઆઇ માઇન્ડટ્રી, એચસીએલ ટેકનો, ટીસીએસ ઘટ્યો હતો.

**એશિયન બજારો મિશ્ર અને યુરોપિયન બજારોમાં નરમાઇ**

વૈશ્વિક સ્તરે એશિયન શેરોમાં મિશ્ર વલણ જોવાયો હતો. જ્યારે યુરોપિયન યુનિયનની સંસદની ચુંટણીના પરિણામો અંગે રોકાણકારોએ પ્રતિક્રિયા આપ્યા બાદ યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા હતા. આગામી પાંચ વર્ષમાં યુરોપિયન નીતિનિર્માણમાં લોકપ્રિય, અત્યંત રાઇટ વીંગનો મોટો હાથ હોઇ શકે છે.

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | -203.28 | 76490.08 |
| **નિફ્ટી** | -30.95 | 23259.20 |
| **બેન્ક નિફ્ટી** | -22.30 | 49780.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 3.47 | 2446.80 |
| હીરો મોટોકોર્પ | 2.81 | 5722.20 |
| સીપલા | 2.47 | 1534.25 |
| પાવરગ્રીડ | 2.09 | 315.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 2.70 | 1340.35 |
| ઇન્ફોસીસ | 2.21 | 1499.75 |
| વિપ્રો | 1.92 | 475.25 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.75 | 2807.55 |
| એલટીઆઇ માઇન્ડટ્રી | 1.48 | 4903.4 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 3.19 | 10796.05 |
| પાવરગ્રીડ | 2.07 | 315.75 |
| નેસલે ઇન્ડિયા | 1.74 | 2547.10 |
| એક્સીસ બેન્ક | 1.16 | 1200.45 |
| એનટીપીસી | 1.07 | 364.55 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 2.72 | 1340.05 |
| ઇન્ફોસીસ | 2.20 | 1499.65 |
| વિપ્રો | 1.95 | 475.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.73 | 2807.80 |
| બજાજ ફાઇનાન્સ | 1.42 | 7088.05 |

# મે મહિનામાં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રૂ. 34697 કરોડનું રોકાણ

**એપ્રિલ** કરતા 83 ટકા વધુ, સેક્ટોરલ ફંડ્સમાં રૂ. 19213.43 કરોડનું સૌથી વધુ રોકાણ

**મુંબઇ, તા. 10:** મે 2024માં પહેલી વખત ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ 30000 કરોડ રૂપિયાના સ્તરને પાર કરી ગયું હતું. આ પહેલા માર્ચ 2022માં મ્યુચ્યુઅલ ફંડમાં નેટ ઇનફ્લો 28,463 કરોડ હતો. મે 2024માં મ્યુચ્યુઅલ ફંડ્સમાં ઇનફ્લો 34697 કરોડ રૂપિયા રહ્યો હતો, જે માસિક ધોરણે એપ્રિલમાં 18917 કરોડ રૂપિયાથી 83 ટકા વધારે છે. તે જ સમયે, સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે એસઆઇપી દ્વારા માસિક રોકાણ 2.61 ટકા વધીને રૂ. 20904 કરોડ થયું છે, જે એપ્રિલમાં 20,361 કરોડ હતું. એપ્રિલ 2024માં મ્યુચ્યુઅલ ફંડમાં એસઆઇપી દ્વારા માસિક રોકાણનો આંકડો પ્રથમ વખત રૂ. 20000 કરોડને પાર કરી ગયો હતો.

મ્યુચ્યુઅલ ફંડ એયુએમ રૂ. 58.91 લાખ કરોડ રોકાણમાં આ ઉછાળાને પગલે મ્યુચ્યુઅલ ફંડ્સની કુલ એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) મે 2024માં રૂ. 58.91 લાખ કરોડ થઇ હતી જે એપ્રિલ 2024માં રૂ. 57.26 લાખ કરોડ હતી.

# પેટીએમ કર્મચારીઓને કાઢી રહી છે, આ પુનર્ગઠનનો ભાગ છે: પેટીએમ

**કંપનીમાંથી** રાજીનામું આપનારા લોકોને બીજી નોકરી અપાવવામાં મદદ પણ કરી રહી છે

**નવી દિલ્હી, તા. 10:** પેટીએમની પેરેન્ટ કંપની 'વન97 કમ્યુનિકેશન્સ લિમિટેડ' પોતાના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકી રહી છે. જોકે, કંપનીએ કેટલા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકે છે તેની માહિતી આપી નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, માર્ચ 2024 ક્વાર્ટરમાં પેટીએમના સેલ્સ કર્મચારીઓની સંખ્યા ત્રિમાસિક ધોરણે લગભગ 3500 ઘટીને 36521 થઇ ગઇ છે. તેનું મુખ્ય કારણ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા પેટીએમ પેમેન્ટ્સ બેંકની સેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

પીટીઆઇના જણાવ્યા અનુસાર, કંપનીએ આજરોજ એક નિવેદન બહાર પાડીને કહ્યું, વન97 કમ્યુનિકેશન્સ લિમિટેડ કંપનીના પુનર્ગઠન પ્રક્રિયાના ભાગરૂપે રાજીનામું આપનારા કર્મચારીઓને આઉટપ્લેસમેન્ટ સપોર્ટ પ્રદાન કરી રહી છે. આઉટપ્લેસમેન્ટ સપોર્ટમાં, કંપની છૂટા થયેલા કર્મચારીઓને બીજી નોકરી મેળવવામાં મદદ કરે છે.

આરબીઆઇએ 31 જાન્યુઆરીએ પેટીએમ પેમેન્ટ્સ બેંક પર મોટા વ્યવસાયિક પ્રતિબંધો લાદ્યા હતા, કારણ કે લાંબા સમય સુધી નિયમોનું પાલન ન થયું હોય. ત્યારે આરબીઆઇએ એક સર્કુલર જાહેર કરીને કહ્યું કે 29 ફેબ્રુઆરી બાદ પેટીએમ પેમેન્ટ બેંકના ખાતામાં પૈસા જમા નહીં થાય.

આ બેંક દ્વારા વોલેટ, પ્રીપેડ સર્વિસ, ફાસ્ટેગ અને અન્ય સેવાઓમાં પૈસા ઉમેરી શકાશે નહીં. જો કે બાદમાં આરબીઆઇએ આ ડેડલાઇન વધારીને 15 માર્ચ કરી દીધી હતી. 15 માર્ચ બાદ પેટીએમ પેમેન્ટ બેંકમાં જમા રકમ બંધ થઇ ગઇ છે. આરબીઆઇને પેટીએમના કેવાયસીમાં મોટી ગેરરીતિઓ જોવા મળી હતી, જેના કારણે ગ્રાહકો ગંભીર જોખમમાં મુકાયા હતા.

પેટીએમે લાખો ગ્રાહકોનું કેવાયસી કર્યું નથી. લાખો ખાતાઓની પાન માન્યતા કરવામાં આવી ન હતી. બહુવિધ ગ્રાહકો માટે એક જ પાનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. ઘણા પ્રસંગોએ બેંક દ્વારા આરબીઆઇને ખોટી માહિતી પણ આપવામાં આવી હતી. આરબીઆઇને મોટી સંખ્યામાં નિષ્ક્રિય ખાતાઓ પણ મળી આવ્યા હતા. પેટીએમના સ્ટૉકમાં આજે તેજી જોવા મળી રહી છે. કંપનીનો શેર બપોરે 1 વાગ્યે 3.63% ના વધારા સાથે 395.15 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો હતો. પેટીએમના શેરમાં છેલ્લા 5 દિવસમાં 10.52 ટકા અને છેલ્લા 1 મહિનામાં 12.97 ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે, પેટીએમના આ સ્ટોકે છેલ્લા 6 મહિનામાં 39.85 ટકા અને 1 વર્ષમાં 51.36 ટકા નેગેટિવ રિટર્ન આપ્યું છે.

# બજારમાં કોન્સોલીડેશન છતાં ચુનંદા શેરોમાં આગેકૂચ ચાલુ રહી શકે

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

**નિફ્ટી ફ્યુચર્સ: બંધ ૨૩૨૪૭.૬૫:** નજીકના ભવિષ્યમાં કેટલુંક કોન્સોલીડેશન સર્જાઇ શકે અને નિફ્ટી ૨૩૦૦૦ના લેવલ પર ટેકો લઇ શકે. ઉપલી બાજુએ ૨૩૪૧૦ અને ૨૩૫૦૦ એ તત્કાળ અવરોધ ઝોન છે.

**હીરોમોટોકોર્પ: બંધ ૫૭૨૨.૯૦:** ઘટાડે ખરીદો અને રૂ. ૫૮૭૦ના ઉપલા ટાર્ગેટ માટે રૂ. ૫૫૯૦નો સ્ટોપલોસ રાખીને રોકાણ કરતા રહો. તે વટાવતા આ રૂ. ૫૯૫૫, રૂ. ૬૦૪૦ સુધી જઇ શકે છે.

**રિલાયન્સ: બંધ ૨૯૪૫.૮૦:** આ શેર માટે શોર્ટ ટર્મ આગાહી બુલીશ છે. તે અપવર્ડ ટ્રેન્ડ ચાલુ રાખી શકે છે અને આગમી સેસનોમાં રૂ. ૨૯૯૫ અને રૂ. ૩૦૪૪ના કિંમત લક્ષ્યને આંબી શકે છે. ટ્રેડરો આ શેર રૂ. ૨૮૯૫નો સ્ટોપલોસ રાખીને ખરીદી શકે છે.

**પિડીલાઇટ: બંધ ૩૧૮૦.૬૦:** શોર્ટ ટર્મ માટે ટેકનીકલી બુલીશ દેખાઇ રહ્યો છે. ખુલતા બજારે જ રૂ. ૩૧૧૯નો સ્ટોપલોસ રાખીને પકડી લો. ઉપલી બાજુએ આ શેર રૂ. ૩૨૮૮ સુધી ઉછળશે જ્યા ધ્યાન રાખવું. તે વટાવતા આ ટૂંક સમયમાં રૂ. ૩૩૪૦ સુધી જઇ શકે છે.

**સિપ્લા: બંધ ૧૫૩૪.૬૦:** ટ્રેડરો આમાં ઘટાડે ફ્રેશ લોંગ પોઝિશનો બનાવવાનું વિચારી શકે છે જેમાં રૂ. ૧૪૯૮ પર સ્ટોપલોસ રાખવો. ઉપલી બાજુએ આ શેર રૂ. ૧૫૮૮ને સ્પર્શ કરે તેવી ઘણી શક્યતા છે. તે વટાવતા આ રૂ. ૧૬૨૦ સુધી પણ ટૂંક સમયમાં જઇ શકે છે.

**ડિવિઝ લેબ: બંધ ૪૫૩૮.૫૫:** આમાં ઇન્ટ્રાડે ઘટાડાઓનો ઉપયોગ ખરીદી માટે કરો, જ્યારે રૂ. ૪૪૯૫ના લેવલ પર કડક સ્ટોપલોસ જાળવી રાખો. ઉપલી બાજુએ આ શેર રૂ. ૪૫૯૨ સુધી ઉછળી શકે છે. તે વટાવતા ઝડપથી રૂઉ ૪૬૪૦, રૂ. ૪૬૯૦ સુધી પણ જઇ શકે.

**બજાજ ઓટો: બંધ ૯૬૮૮:** આ શેરમાં ઉપર તરફના પ્રવાહની શક્યતા છે અને તે આગામી સેસનોમાં રૂ. ૯૭૬૧ અને રૂ. ૯૮૨૦ તથા રૂ. ૯૯૦૦ના કિંમત લક્ષ્ય સુધી પહોંચી શકે છે. ટ્રેડરો આ શેર રૂ. ૯૬૩૦નો સ્ટોપલોસ રાખીને ખરીદી શકે છે.

**લાર્સન: બંધ ૩૫૨૩.૨૫:** આમાં કોઇપણ ઘટાડાને ફક્ત ખરીદીની તક તરીકે જોવો જોઇએ. આમાં તત્કાળ સપોર્ટ રૂ. ૩૪૯૧ પર રહેલો છે. ઉપલી બાજુએ તે રૂ. ૩૫૬૭ સુધી જઇ શકે છે જ્યાં ધ્યાન રાખવું, તે વટાવતા આ રૂ. ૩૬૧૦ સુધી પણ જઇ શકે છે.

**ઓબેરોય રિયલ્ટી: બંધ ૧૮૯૮.૯૦:** આ શેર માટે ઇન્ટ્રાડે આઉટલૂક બુલીશ છે. તે અપવર્ડ ટ્રેન્ડ ચાલુ રાખી શકે છે અને રૂ. ૧૯૫૨ અને રૂ. ૧૯૯૫ના કિંમત લક્ષ્ય સુધી જઇ શકે છે. ટ્રેડરો આ શેર રૂ. ૧૮૪૪નો સ્ટોપલોસ રાખીને ખરીદી શકે છે.

**રોકાણકારો માટેનો શેર**

**ટૉરેન્ટ પાવર: બંધ ૧૫૩૧.૫૦:** જેઓ રોકાણ કરવા માગતા હોય તેઓ આ શેર હાલની બજાર કિંમતે રૂ. ૧૫૦૦નો સ્ટોપલોસ રાખીને ખરીદી લે આમાં અમારો શોર્ટ ટર્મ ટાગેટ રૂ. ૧૫૮૫ છે. ટૂંક સમયમાં રૂ. ૧૬૫૦ સુધી પણ જઇ શકે.

**નોંધ:** ભલામણો ટેકનીકલ એનાલિસીસ પર આધારિત છે. ટ્રેડિંગમાં ખોટનું જોખમ રહેલું છે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૬૮૦ | કોપરેલ | ૨૯૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૮૦ | વનસ્પતિ ઘી | ૧૮૭૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૭૦ | સનફ્લાવર | ૧૬૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૯૦ | તલતેલ | ૬૨૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૬૦ | દિવેલ | ૨૧૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૬૦ | મકાઇ તેલ | ૧૮૫૦ |
| સરસીયું તેલ | ૨૩૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૩૬૫૦ |
| તેજાબી સોનું | ૭૩૫૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૯૯૭૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૭૨૧૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૩૬૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૧૩૦૦ |
| ચાંદી સિક્કા | ૯૨૮૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૯૫૦ |

### યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ — સુરત નરેશ / મુકેશ ઘીવાળા — ૩૫૧૬૪૪૬, ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૯૬.૫ | ૫૦/૩૬ '' | ૧૩૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૦ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૬૮ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૯ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૨૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૭ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૦.૨૫ | ૭૫ ક્રિમ્પ | ૧૨૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૪ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૨૯.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૮ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

# NEET પરીક્ષામાં કૌભાંડથી લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમાઈ ગયું છે




**ટુંક પોઇન્ટ**
**સમકિત શાહ**

૪ જૂને આખો દેશ અને મિડિયા લોકસભાની ચૂંટણીનાં પરિણામોની ચર્ચા કરી રહ્યો હતો ત્યારે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) નું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું અને તેમાં એટલા બધા ખેલ પાડવામાં આવ્યા કે આ પરીક્ષાની વિશ્વસનીયતા જ જોખમાઇ ગઇ છે. પરિસ્થિતિ તો એવી થઇ ગઇ છે કે તમે NEET પરીક્ષાના ટોપર વિદ્યાર્થીઓમાં સામેલ થઇ શકો તો પણ શક્ય છે કે તમને દેશની ટોચની મેડિકલ કોલેજ AIIMSમાં પ્રવેશ ન મળે. તમે પૂછી શકો છો કે આવું કેમ છે? કારણ કે NEET પરીક્ષામાં પ્રથમ રેન્ક મેળવનારાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૭ છે. ટોપ રેન્ક મેળવનારાં ૬૭ વિદ્યાર્થીઓમાં છ એવાં છે, જેમણે હરિયાણાના એક જ કેન્દ્ર પરથી પરીક્ષા આપી હતી. આ એક અભૂતપૂર્વ સ્થિતિ છે. તા. ૪ જૂન, ૨૦૨૪ ના રોજ NEET પરીક્ષાનાં પરિણામોની ઘોષણા પછી આક્ષેપો થયા છે કે આ પરીક્ષા યોગ્ય રીતે લેવામાં આવી નથી. આ વખતે NEETમાં બેઠેલાં ઘણાં વિદ્યાર્થીઓ પરીક્ષા ફરીથી લેવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

આ વખતે NEETની પરીક્ષા ૫ મેના રોજ લેવામાં આવી હતી. NEET પરીક્ષામાં બેસવા માટે ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૨૩.૩૩ લાખ બાળકોએ પરીક્ષા આપી હતી. પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પરીક્ષાનું પરિણામ ૧૪મી જૂને જાહેર થવાનું હતું. જો કે, પરિણામ દસ દિવસ પહેલાં એટલે કે ૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું. તેની પાછળનો ઇરાદો એવો હોઇ શકે કે તે દિવસે લોકસભાની ચૂંટણીનું પરિણામ આવવાનું હોવાથી કોઇ કૌભાંડ થયું હોય તો તેની ચર્ચા મિડિયામાં થાય જ નહીં. NEET પરીક્ષાનાં પરિણામો અનુસાર એવાં ૬૭ વિદ્યાર્થીઓ છે, જેમણે ૧૦૦% ગુણ મેળવ્યા છે એટલે કે તેઓએ ૭૨૦ ગુણની પરીક્ષામાં સંપૂર્ણ ૭૨૦ ગુણ મેળવ્યા છે. આ પ્રથમ વખત છે, જ્યારે આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ૧૦૦% માર્કસ મેળવ્યા છે. વર્ષ ૨૦૨૩માં માત્ર બે વિદ્યાર્થીઓએ આ સિદ્ધિ મેળવી હતી. વર્ષ ૨૦૨૨માં કોઇ વિદ્યાર્થીએ પૂરા માર્કસ મેળવ્યા ન હતા. તે વર્ષે પણ NEET ના કુલ માર્ક્સ ૭૨૦ હતા અને પરીક્ષામાં ટોપ કરનાર વિદ્યાર્થીઓએ કુલ ૭૧૫ માર્ક્સ મેળવ્યા હતા.

આ વખતની NEET પરીક્ષામાં જે વાતે સૌનું ધ્યાન ખેંચ્યું છે તે એ છે કે ૬૭ ટોપર વિદ્યાર્થીઓમાંથી ૬ બાળકોનું પરીક્ષા કેન્દ્ર હરિયાણાના ઝજ્જર જિલ્લામાં એક કેન્દ્ર હતું. નિષ્ણાતો કહે છે કે તેની સંભાવના સામાન્ય રીતે ઘણી ઓછી હોય છે. ત્રીજી બાબત જે લોકો પરીક્ષાની પ્રક્રિયા અને પરિણામ અંગે શંકા વ્યક્ત કરી રહ્યાં છે તે એ છે કે કેટલાંક વિદ્યાર્થીઓએ ૭૨૦ માર્કસની પરીક્ષામાં ૭૧૮ અને ૭૧૯ માર્કસ મેળવ્યા છે, જે પરીક્ષાની સ્કીમ મુજબ ગાણિતિક રીતે યોગ્ય નથી. કારણ કે આ પરીક્ષામાં કોઇ પણ પ્રશ્નના સાચા જવાબ માટે ચાર માર્કસ નક્કી કરવામાં આવ્યા હતા અને ખોટા જવાબના કિસ્સામાં એક માર્ક કાપવાની જોગવાઈ કરવામાં આવી હતી. તેથી, જો વિદ્યાર્થી બધા પ્રશ્નોના સાચા જવાબ આપે છે અને એક જવાબ ખોટો આવે છે, તો માર્કિંગના નિયમો મુજબ, તેને ૭૧૫ ગુણ મળશે. ૭૧૮ કે ૭૧૯ ગુણમાં કોઈ કૌભાંડની ગંધ આવે છે. પેપર લીકના આક્ષેપો પણ સામે આવી રહ્યા છે. આ સંબંધમાં બિહારમાં એફઆઇઆર નોંધવામાં આવી છે અને ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. બિહાર પોલીસની ઇકોનોમિક ઓફેન્સ વિંગે આ કેસની તપાસ માટે સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરી છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૬ જૂને એક પ્રેસ રિલીઝ જારી કરીને આ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. NTAએ તેના જવાબમાં કહ્યું છે કે શક્ય તેટલી વહેલી તકે પરિણામ જાહેર કરવું એ એક નિશ્ચિત પ્રક્રિયા છે. આ વખતે NTA આ કામ ૩૦ દિવસમાં કરી શકી છે. NTAનું કહેવું છે કે તેણે ૧,૫૬૩ ઉમેદવારોને ગ્રેસ માર્ક્સ આપ્યા છે કારણ કે તેમને પરીક્ષા માટે ઓછો સમય મળ્યો હતો. કેટલાંક ઉમેદવારોએ કોર્ટમાં અરજી કરી હતી કે તેઓ પરીક્ષા કેન્દ્ર પર તેમની પરીક્ષા સમયસર શરૂ કરી શક્યા ન હતા. NTAએ જણાવ્યું હતું કે કેન્દ્રના CCTV ફૂટેજ જોયા બાદ અને અધિકારીઓ સાથે વાત કર્યા બાદ આ ઉમેદવારોને ગ્રેસ માર્કસ આપવામાં આવ્યા હતા. એજન્સીએ કહ્યું કે આ માટે એ જ ફોર્મ્યુલા અપનાવવામાં આવી હતી જે સર્વોચ્ચ અદાલતે કોમન લો એડમિશન ટેસ્ટ માટે સૂચવ્યું હતું. આ જ કારણ છે કે કેટલાંક વિદ્યાર્થીઓને ૭૧૮ જેવા માર્કસ મળ્યા છે. આ સિવાય એજન્સીએ કહ્યું છે કે ૭૨૦ માર્કસ મેળવનારા છ વિદ્યાર્થીઓ એવાં છે, જેમને ગ્રેસ માર્ક્સ મળ્યા છે. આ સિવાય ૭૨૦ માર્કસ (૧૦૦ ટકા માર્કસ) મેળવનાર અન્ય ૪૪ વિદ્યાર્થીઓને ફિઝિક્સના એક પ્રશ્નના જવાબ માટે રિવિઝન માર્કસ આપવામાં આવ્યા છે. NTAએ પરીક્ષાનું પેપર લીક થયાની વાતને પણ નકારી કાઢી હતી. આ ઉપરાંત, એજન્સીએ કહ્યું છે કે પરીક્ષાની અખંડિતતા સાથે બાંધછોડ કરવામાં આવી નથી. પરીક્ષા સંબંધિત અન્ય ફરિયાદો પર એજન્સીએ કહ્યું છે કે તે નિર્ધારિત પ્રક્રિયાઓ અનુસાર કાર્યવાહી કરી રહી છે.

છેલ્લા કેટલાક દિવસોમાં વિદ્યાર્થીઓ અને કોચિંગ સેન્ટરોએ સોશ્યલ મિડિયા પર ઘણી ફરિયાદો કરી છે. જ્યારે પરિણામ જાહેર થયું ત્યારે ઘણાં લોકોએ સવાલ ઉઠાવ્યા કે ૭૧૮ જેવો નંબર કેવી રીતે મેળવી શકાય. ત્યાર બાદ NTAએ એક ટ્વીટમાં સ્પષ્ટતા કરી કે ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા છે. ભારતમાં ઘણી પ્રવેશ પરીક્ષાઓ છે. સામાન્ય રીતે, કેટલાંક ઉમેદવારો એવાં હોય છે જેમને સારા માર્ક્સ મળે છે, પરંતુ આ એક મોટો અપવાદ છે. એક કે બે નહીં પરંતુ ૬૭ વિદ્યાર્થીઓ ટોપર હોય તેવું ભૂતકાળમાં ક્યારેય બન્યું નથી. તેમાં પેપર લિક થયું હોય તેવી સંભાવના રહેલી છે. પેપર લિક કરવામાં લાખો રૂપિયાની ફી પડાવતા કોચિંગ સેન્ટરો સાથે કેટલાંક સરકારી કર્મચારીઓની સાંઠગાંઠ જવાબદાર હોય છે. આ મામલે બિહારમાં એફઆઇઆર થવાથી સાબિત થઈ ગયું છે કે પેપર લિક થયું જ હશે. કદાચ આ પરીક્ષા ફરી યોજવામાં આવશે ત્યારે જે લાખો વિદ્યાર્થીઓએ ઇમાનદારીથી પરીક્ષા આપી હોય તેમણે સહન કરવું પડશે.

સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ X પર કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ ફિઝિક્સવાલાના સ્થાપક અલખ પાંડેએ કહ્યું છે કે તેમણે પોતે એક વિદ્યાર્થીની આન્સર શીટ ચેક કરી તો તેમને જાણવા મળ્યું કે NTAએ તે વિદ્યાર્થીને ૮૫ વધારાના ગુણ આપ્યા હતા. તેના પરથી લાગે છે કે ગ્રેસ માર્કસ આપવાનું કામ બિનપારદર્શક રીતે થયું છે. શંકા તો એવી પણ રહે છે કે ગ્રેસના માર્ક્સ પૈસા લઈને આપવામાં આવ્યા હશે. ઘણાં લોકોને ઉચ્ચ માર્ક્સ મળ્યા હોવાથી કટ-ઓફ સ્કોર ખૂબ ઊંચો થઈ ગયો છે. દિલ્હીની અદ્રિકાએ પણ આ વર્ષે NEETની પરીક્ષા આપી હતી. અદ્રિકા કહે છે કે દરેકનો આ પરીક્ષામાંથી વિશ્વાસ ઊઠી ગયો છે. મેં ૬૦૦ માર્કસ મેળવ્યા છે. મને આશા હતી કે આ સ્કોર સાથે મારું રેન્કિંગ ૩૦ હજારની આસપાસ હશે; પરંતુ મને ૮૦ હજારનો રેન્ક મળ્યો છે. બીજું કોઇ વર્ષ હોત તો મને કોઇક કોલેજમાં એડમિશન મળી ગયું હોત પણ આ વર્ષે તે શક્ય નથી.

ઘણાં વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે આ પરીક્ષા ફરીથી લેવામાં આવે. પરીક્ષા પુનઃ આયોજિત કરવાની માંગણી કરતી બે અરજીઓ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આવી જ એક અરજી પર ૧૭ મેના રોજ કોર્ટે નોટિસ જારી કરી હતી પરંતુ કોર્ટે કહ્યું હતું કે ઉનાળાની રજાઓ પછી તેની સુનાવણી કરવામાં આવશે. તે અરજીમાં કહેવામાં આવ્યું હતું કે પેપર લિક થવાના કારણે ઘણાં હોંશિયાર વિદ્યાર્થીઓને સમાન તક મળી નથી.

અરજીમાં માગણી કરવામાં આવી હતી કે પેપર લિકની તપાસ માટે દરેક રાજ્યમાં વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવે. રાજકીય પક્ષોએ પણ રાજકીય રોટલા શેકવા આ મુદ્દો ઉઠાવ્યો છે. ૭ જૂને કોંગ્રેસે પ્રેસ કોન્ફરન્સ યોજીને માંગણી કરી હતી કે NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિઓની તપાસ થવી જોઈએ.

**આ વખતે NEETની પરીક્ષા ૫ મેના રોજ લેવામાં આવી હતી. પરીક્ષામાં બેસવા માટે ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી ૨૩.૩૩ લાખે પરીક્ષા આપી હતી**

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

ગણદેવીમાં ફાર્મ હાઉસ વેચવાનું છે નદી કિનારે
3.5 વીંઘા
સ્વીમિંગપૂલ, ગાર્ડન, વાડી, બંગ્લો કંપાઉન્ડ વોલ સાથે
9426510000

૯૦% થી વધુ રીઝલ્ટ સાથે સુરતમાં સર્વશ્રેષ્ઠ
ન્યુ એન્જીન્યરીંગ ક્લાસીસ
24 વર્ષના અનુભવી શિક્ષક
ડિપ્લોમા / ડિગ્રી
9825566576

2 BHK સેમી ફર્નીશ્ડ ફ્લેટ
(1000 Sq ft) વેચવાનો છે.
22.75 લાખમાં
404, મહર્ષિ ફ્લેટ્સ, ગેઇલ ટાવરની પાછળ. આનંદમહેલ રોડ. (લિફ્ટ નથી)
જોવાનો સમય - રવિવાર, બુધવાર 10 થી 12
M- 9879524197

ભાડે આપવાની છે
દુકાન અને શો-રૂમ લાયક રોડ ટચ જગ્યા
રતન સિનેમાની બાજુમાં, રોયલ ટ્રેડિંગ ટાવર, સલાબતપુરા, સુરત
સંપર્ક : +91 76008 52326

પાલમાં દુકાન
વેચાણ કરારથી આપવાની છે.
460 ચોરસ ફૂટ સુપર બિલ્ટઅપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર પર નિસલ સર્કલ પાસે
9712979399

વેચવાની છે
બારડોલીમાં હાઈવે ટચ
2 વીંઘા
પેટ્રોલ પંપ લાયક
જમીન વેચવાની છે
9426510000

હોલ વેચાણ/ભાડે
શોપ નં 4123- 4124, રાધામાધવ ટેક્ષટાઈલ માર્કેટ (RMTM)
દેવધ, સુરત. ટોટલ એરીયાઃ
4560 સ્કે. ફુટ
9737278887

16- રવિવારે દમણ, 22, સાપુતારા, ઉનાઈ. 1000/-, AC બસ, બેટાઈમ નોનવેજ, વાડીફળિયા. : 9484448329 (427)

વ્યવસાયીક ધંધાકીય

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ, રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા TV, LCD, LED
રીપેરીંગ દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700 (374)

President Pest Control
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

Income Tax,
તેમજ GST, ફાઈલિંગ માટે સંપર્ક કરો. ચંદ્રેશભાઈ પટેલ, અડાજણ 9427284183

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ
ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (375)

જય અંબે
કોઈ પણ પાણીની ટાંકી સાફ કરી આપવામાં આવશે. દિપકભાઈ - 9586895731 સુનિલભાઈ 7359134752

પતરાના શેડ
તથા ડોમ ફેબ્રીકેશન કામ અને લિફ્ટ બનાવવા માટે. 9979989971

વધતી જતી ટાલ,
ખરતા વાળ અટકાવો, જુ- લીખ થી બચો, Mo - 7016939427 (414)

લાઈફ હિંચકાના
કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292 8460222282 (426)

WANTED નોકરી વિષયક

જોઈએ છે
ઓફીસ કલાર્ક, કોમ્પ્યુટરના જાણકાર, એકાઉન્ટના અનુભવી, કોન્ટેક : 9129123665 (સવારે 11 વાગ્યા પછી ફોન કરવો.) (430)

સુરત વિસ્તારમાં
પાર્ટટાઈમ/ ફુલટાઈમ જીવનવીમાં એડવાઈઝર ભરતી કરવાના છે. 8700168512

Required teacher
(1)B.A / B.com B.Ed, Kindly published this add in your newspaper candidate may send his/her resume on our email: m.i.eng.midium@mail.com/ or send on our W.NO 7383658686 (429)

BE. Civil
જોઈએ છે. Mo. No. 9825122536

ફાઉન્ટેનહેડ સ્કૂલ
પુરુષ સપોર્ટ સ્ટાફ જોઈએ છે ગાર્ડનર, સુરક્ષા કર્મચારીઓ, એસી ટેક્નિશિયન, રસોઈયા મળવાનો સમય સોમથી શનિ, સવારે 9.00 થી 2.00, સ્થળ ફાઉન્ટેનહેડ સ્કૂલ કૂંકની ગામ, રાંદેર દાંડી રોડ, સુરત, સંપર્ક કરો. 8000130031 (431)

મિલ્કત વેચવાની છે

વેચવાનાં છે.
High Speed Rapier Jacquard Machine, (Well Maintained) Mo- 8849719070 (417)

અડાજમાં ઉત્તરમુખી
ગાળા ટાઈપ મકાન વેચવાનું છે. માત્ર 45 લાખમાં સંપર્ક 9374535403 (432)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

સાગાર - (સગરામપુરા પુટલી)
9427113317, રવિવારે- સપ્તશૃંગી- સાપુતારા- 1251/- દિપાવાલીમાં- નેપાળ- અયોધ્યા- બનારસ (416)

વ્યવસાયીક જ્યોતિષ

નર્મદા કિનારે
કાલસર્પ પિત્રુદોષ નિવારણ અમાવસે, જન્મ પત્રિકા માર્ગદર્શન તુલસી મહારાજ શક્તિવિર હનુમાન મંદિર, સીટીલાઈટ રોડ, સુરત. 9825294833

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.